# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/276 Dt. 30/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સફળ રોકાણકારની 7 આદતો પર સેમિનાર યોજાયો

### સફળ રોકાણકાર એ જ છે જે જીવનનાં તમામ નાણાકીય લક્ષ્યો હાંસલ કરે: વિશાલ બક્ષી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સફળ રોકાણકારની *7* આદતો પર એક રસપ્રદ સેમિનાર શનિવાર, તા. 26 ડિસેમ્બરના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે યોજાયો હતો, જેમાં કેવી વેલ્થ: ઈન્વેસ્ટ એન્ડ ઈન્શ્યોરના સ્થાપક અને સીઈઓ તેમજ અર્થવૃદ્ધિ ફિનસર્વ પ્રા. લિ.ના સહસ્થાપક અને સીઈઓ શ્રી વિશાલ બક્ષીએ *7* આદતો વિશે વિગતે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે, ભારતની ઈકોનોમી ઝડપથી આગળ વધી રહી છે ત્યારે ચેમ્બરના સભ્યો, ભારતીયો વૈશ્વિક હરીફાઈમાં પાછળ ન રહેવા જોઇએ એ હેતુથી નોલેજ સિરીઝનું આયોજન થયું છે.

શ્રી વિશાલ બક્ષીએ સૌ પહેલાં તો એ સમજાવ્યું કે સફળ રોકાણકાર કોને કહેવાય? સફળ રોકાણકાર એને જ કહેવાય જે જીવનનાં તમામ નાણાકીય લક્ષ્યો હાંસલ કરે. સફળ થવાના માર્ગમાં પડકારો આવવાના જ. સફળ રોકાણકારના માર્ગમાં પણ ફૂગાવો જેવા પડકારો આવવાના જ. તેને પાર કરીને સફળ રોકાણકાર બનવા માટે *7* આદતો પાડવી પડશે. તે છે, લક્ષ્ય સાથે રોકાણ કરવું, શરૂઆત વહેલી કરવી, ઈક્વિટીમાં રોકાણ કરવું, રોકાણ

નિયમિત કરવું, ભાવનાઓ પર કાબૂ મેળવવો, રિસ્ક કવર કરવું અને આ છ ટેવોને પાર પાડવા નિષ્ણાતને રોકવો. આ સંદર્ભમાં તેમણે ઈક્વિટીમાં લાંબા ગાળાના રોકાણના લાભ, મ્યુ. ફંડ્સમાં એસઆઇપી કરવાથી થતા લાભ સમજાવ્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમ વિશે વિગતવાર માહિતી આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી કેતન દલાલે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કમિટીના કો-ચેરમેન શ્રી બાલકૃષ્ણ વઘાસિયાએ વક્તાનો પરિચય કરાવ્યો હતો. રોકાણકારોને મૂઝવતા વિવિધ પ્રશ્નોના જવાબ વક્તા શ્રી વિશાલ બક્ષીએ આપ્યા હતા.